નવી બાબત વર્ષ ૨૦૨૦-૨૧

લઘુમતી વિસ્તારો માટેની બહુક્ષેત્રીય વિકાસ કાર્યક્રમ(MsDP)(નવું નામ:પ્રધાનમંત્રી જન વિકાસ કાર્યક્રમ (PMJVK) )બાબત

રૂ.૧૫૦૦.૦૦ લાખની નવી બાબત

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,

ઠરાવ ક્રમાંકઃલઘસ-૧૧૨૦૨૦-૫૨૫૨૦-ન.બા.૬૫-અ૧

સચિવાલય, ગાંધીનગર.

તારીખઃ ૨૦/૦૮/૨૦૨૦

<u>વંચાણે લીધાઃ-</u>

(૧) આ વિભાગનો તા.૦૬/૦૮/૨૦૧૪નો ઠરાવ ક્રમાંક: લઘસ/૧૦૨૦૧૪/૬૬/અ.૧

(૨) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતાનો તા.૧૭/૦૧/૨૦૨૦નો પત્ર ક્રમાંક: વિજાક/શિક્ષણ/ન.બા./૨૦૧૯-૨૦/૧૬૦

(3) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતાનો તા.૧૭/૦૧/૨૦૨૦નો પત્ર ક્રમાંક: વિજાક/શિક્ષણ/ન.બા./૨૦૧૯-૨૦/૧૬૧

(૪) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતાનો તા.૦૧/૦૭/૨૦૨૦નો પત્ર ક્રમાંક: વિજાક/શિક્ષણ/ન.બા./૨૦૨૦-૨૧/૧૨૧૬

(૫) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતાનો તા.૦૧/૦૭/૨૦૨૦નો પત્ર ક્રમાંક: વિજાક/શિક્ષણ/ન.બા./૨૦૨૦-૨૧/૧૨૧૭

<u>આ મુ ખ :-</u>

વંચાણે લીધેલ ક્રમાંક: (૧) પરના આ વિભાગના તા.૦૬/૦૮/૨૦૧૪ના ઠરાવથી ભારત સરકારની લઘુમતી જાતિઓ માટેની કેન્દ્ર પુરસ્કૃત યોજના મલ્ટી સેક્ટરલ ડેવલપમેન્ટ પ્રોગ્રામ (MsDP) (નવું નામ: પ્રધાનમંત્રી જન વિકાસ કાર્યક્રમ (PMJVK) ) યોજનાની નવી બાબતને મંજૂરી આપવામાં આવેલ હતી. વંચાણે લીધેલા ક્રમાંક (૨) અને (3) પરના નિયામકશ્રી(વિ.જા.ક.)ના તા.૧૭/૦૧/૨૦૨૦ના પત્રોથી સદરહુ યોજના માટે વધુ ગ્રાન્ટ ફાળવવા નવી બાબત રજૂ કરવામાં આવેલ હતી. વંચાણે લીધેલા ક્રમાંક: (૪) અને (૫) પરના નિયામકશ્રી(વિ.જા.ક.)ના તા.૦૧/૦૭/૨૦૨૦ના પત્રોથી કેન્દ્ર પુરસ્કૃત યોજના (CSS) બહુક્ષેત્રિય વિકાસ કાર્યક્રમ (MsDP) (નવું નામ: પ્રધાનમંત્રી જન વિકાસ કાર્યક્રમ(PMJVK)) માટે ભારત સરકારના ૬૦% ફાળા મુજબ રૂ.૯૦૦.૦૦ લાખ અને રાજ્ય સરકારના ફાળા ૪૦% મુજબ ૬૦૦.૦૦ લાખ એમ કુલ રૂ.૧૫૦૦.૦૦ લાખ(અંકે રૂપિયા પંદરસો લાખ પૂરા)ની વર્ષ ૨૦૨૦-૨૧ ના અંદાજપત્રમાં સમાવિષ્ટ નવી બાબતને વહીવટી મંજૂરી આપવાની દરખાસ્ત કરેલ હતી. જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠ રા વ :-

પુખ્ત વિચારણાના અંતે પ્રધાનમંત્રી જન વિકાસ કાર્યક્રમ (PMJVK) માટે ભારત સરકારના ૬0% ફાળા મુજબ રૂ.૯૦૦.૦૦ લાખ અને રાજ્ય સરકારના ફાળા ૪૦% મુજબ ૬૦૦.૦૦ લાખ એમ કુલ રૂ.૧૫૦૦.૦૦ લાખ(અંકે રૂપિયા પંદરસો લાખ પૂરા)ની વર્ષ ૨૦૨૦-૨૧ ના અંદાજપત્રમાં સમાવિષ્ટ નવી બાબતને નીચેની શરતોને આધીન વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

શ ર તો :-

૧. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧ની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

૨. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

૩. આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

૪. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

૫. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે

૬. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૭. આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઇઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૮. આઇ.ટી.સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની વખતોવખતની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૯. આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ના ઠરાવ ક્રમાંક: એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચમાં ઇ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓ અને ત્યારબાદ વખતો-વખત થયેલ સુધારાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૦. આ યોજના અન્વયે મંજૂર થયેલ મહેકમ વધુ સમય માટે ચાલુ રાખવા અંગે અલગથી દરખાસ્ત રજૂ કરી મંજૂરી મેળવી લેવાની રહેશે.

૧૧. આ નવી બાબતની વહીવટી મંજૂરી અન્વયે નાણાં વિભાગના કરકસર અંગેના તા.૦૬/૦૬/૨૦૨૦ ના ઠરાવ ક્રમાંક: ખરચ-૧૦૨૦૧૦-૧૧૮-ઝ-૧ થી અપાયેલ સૂચનાઓ અનુસાર ખર્ચ થાય તે વિભાગે સુનિશ્ચિત કરવાનું રહેશે.

૧૨. આ અંગેનો ખર્ચ માંગણી નં:.૯૨, મુખ્ય સદર: ૨૨૨૫ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાતવર્ગ અને લઘુમતીઓનું કલ્યાણ, પેટા મુખ્ય સદર: ૦૪ લઘુમતીઓનું કલ્યાણ, ગૌણ સદર: ૮૦૦ અન્ય ખર્ચાઓ પેટા સદર: ૦૧ એમએનટી-૧૧ લઘુમતીઓ માટે મલ્ટીટ સેકટરલ પ્રોગ્રામ હેઠળ થયેલ જોગવાઇમાંથી કરવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૧૩/૦૭/૨૦૨૦ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે.એ.ચૌહાણ)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

<u>નકલ રવાના:-</u>

- માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી(ના.વિ.)નાં અંગત મદદનીશશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા.)ના અંગત મદદનીશશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી(ખર્ચ)નાં અંગત મદદનીશશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણાં સલાહકારશ્રી(સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
- સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રી/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(વિ.જા.) (નિયામકશ્રી(વિ.જા.ક.) મારફત)
- મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર

- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટ ઉપર મૂકવાની વિનંતીસહ
- સિલેકટ ફાઇલ-૨૦૨૦